# બધાનું સાંભળે પણ દિલ કહે ને કરો



# દિશા પટની

શો-શા

બોલિવૂડ એક્ટ્રેસ દિશા પટની તેની સુંદરતા ઉપરાંત તેની ફિટનેસ માટે પણ જાણીતી છે. 2016ની ફિલ્મ એમ. એસ. ધોની: ધ અનટોલ્ડ સ્ટોરી દ્વારા તેણે બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું અને તે રાતોરાત ફેમસ બની ગઈ હતી. ત્યારબાદ દિશાને બાગી 2, ભારત, મલંગ અને એક વિલન રિટર્ન્સ જેવી સફળ ફિલ્મો મળી. દિશાની ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ' હાલમાં જ રીલીઝ થઈ છે, જેમાં તેણે અક્ષય કુમાર, અરશદ વારસી, પરેશ રાવલ, સુનીલ શેટ્ટી, રવિના ટંડન, જેકલિન ફર્નાન્ડિઝ, નાના પાટેકર, શ્રેયસ તળપદે અને જોની લીવર જેવા એક્ટરો સાથે કામ કર્યું છે. પ્રસ્તુત વાતચીતમાં તે ઈન્ટરનેશનલ ડેબ્યૂ માટે કરવી પડતી મહેનત, તેની હોલિવૂડ ફિલ્મનો અનુભવ, બોલિવૂડમાં અત્યાર સુધીની સફર અને પોતાના વહાલા પાલતુ કૂતરા વિશે વાત કરે છે.

**તારો પાલતુ કૂતરો હાલમાં અવસાન પામ્યો હતો. અમને તેના વિશે કંઈ કહે.**

મારા પાલતુ ડોગનું નામ બેલા હતું. તે મારા રોજિંદા જીવનનો સાથી હતો. તેણે મને પ્રેમ કરતા શીખવ્યું. મારી દુનિયા તેની આસપાસ જ રહેતી હતી. તે દુનિયાનું સૌથી શ્રેષ્ઠ બેબી હતું. હું તેને ખૂબ મિસ કરું છું. ઈશ્વર તેની આત્માને શાંતિ આપે. હું તેને ખૂબ પ્રેમ કરું છું.

**તારું ફિલ્મી બેકગ્રાઉન્ડ નથી છતાં 10 વર્ષમાં તે સારી સફળતા મેળવી છે. તારી આ સફર વિશે કંઈ કહે.**

મારી આ સફરમાં હું પોતાના પર વિશ્વાસ કરતા શીખી છું. હું ચોક્કસપણે માનવા લાગી છું કે આપણે બધાનું સાંભળવું જોઈએ, પરંતુ આખરે જે તમારું દિલ કહે તે જ કરવું જોઈએ. હું મારા ઇન્ટ્યુશન પર વધુ ભરોસો કરું છું. મારી બોલિવૂડની સફર ખૂબ સુંદર રહી છે. હું ઘણા સારા લોકોને મળી છું અને ઘણા સારા મિત્રો પણ બનાવ્યા છે. હું નસીબદાર છું કે મને સારા લોકોનો સંગાથ મળ્યો.

**ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'માં કામ કરીને તને શું શીખવા મળ્યું?**

મને શીખવા મળ્યું કે આટલી સફળતા અને વર્ષોનો અનુભવ હોવા છતાં કોઈ પણ વ્યક્તિ પોતાના કામને હળવાશથી લેતી નહોતી. દરેક વ્યક્તિ પોતાનું કામ ગંભીરતાથી કરતી હતી, આટલા વર્ષોનો અનુભવ હોવા છતાં તેઓ સંપૂર્ણ પૂર્વતૈયારી સાથે શૂટિંગ પર આવતા હતા. પોતાના કામમાં ખૂબ મહેનત કરતા હતા, પરંતુ સેટ પરનો માહોલ હળવો રાખતા હતા. આ સંતુલન ખૂબ મહત્વનું છે, જે મને પણ શીખવા મળ્યું.

> દરેક વ્યક્તિ પોતાનું કામ ગંભીરતાથી કરતી હતી, આટલા વર્ષોનો અનુભવ હોવા છતાં તેઓ સંપૂર્ણ પૂર્વતૈયારી સાથે શૂટિંગ પર આવતા હતા. પોતાના કામમાં ખૂબ મહેનત કરતા હતા, પરંતુ સેટ પરનો માહોલ હળવો રાખતા હતા

**હોલિવૂડના ડિરેક્ટર કેવિન સ્પેસી સાથે કામ કરવાનો અનુભવ કેવો રહ્યો?**

ડિરેક્ટર કેવિન સ્પેસી અદ્ભુત વ્યક્તિ છે. તેઓ પોતે પણ એક્ટર હોવાથી પોતાના એક્ટરોને સારી રીતે સમજે છે. તેઓ વિશ્વના શ્રેષ્ઠ એક્ટરોમાંના એક છે. તેઓ પોતાના એક્ટર્સને પ્રયોગ કરવા માટે પૂરતી સ્પેસ આપે છે. તેઓ અમને કહેતા કે, 'આપણે આપણા અનુભવોમાંથી શીખીએ છીએ. અમુક પરિસ્થિતિમાં તમે કેવી પ્રતિક્રિયા આપશો? શું તમે રડશો? તમને શું લાગશે? તમે કેવી લાગણી અનુભવશો?' આવા પ્રશ્નો વિશે વિચારવા માટે તેઓ અમને પ્રોત્સાહિત કરતા હતા. દરરોજ સવારે તેઓ અમારી સાથે બેસતા અને સીન વિશે વિગતવાર સમજાવતા. મને નથી લાગતું કે ભૂતકાળમાં મેં કોઈ ડિરેક્ટર સાથે આ રીતે કામ કર્યું હોય. તેનાથી પાત્રને યોગ્ય રીતે સમજવાની અને તેને નિભાવવાની જવાબદારી પણ વધે છે.

**હોલિવૂડમાં ફિલ્મ મળવા વિશે કંઈ કહે.**

હોલિવૂડમાં ઓડિશન પર ઘણું વધુ ધ્યાન આપવામાં આવે છે. તમારે અનેક ઓડિશન આપવા પડે છે. તમને કામ કેવી રીતે મળે છે અને તમે કોની સાથે કરારબદ્ધ છો, તેના પર ઘણો આધાર રહે છે. કેટલીકવાર નસીબ પણ મહત્વનો રોલ ભજવે છે. ક્યારેક તેઓ તમારું કામ જોઈને તમને પ્રોજેક્ટ્સ અને ઓડિશનની ઓફર કરે છે. તે વિઝા અને અન્ય લોજિસ્ટિક્સ પર પણ આધાર રાખે છે. આ બધી ટેકનિકલ બાબતો છે. આખરે વાત બીજા દેશમાં જઈને કામ કરવાની છે. તમે અહીં બેસીને વિદેશમાં રોલ મેળવી શકતા નથી. તમે ભારતમાં રહીને ઓડિશન આપી શકો, પરંતુ વિદેશમાં જઈને થોડો સમય વિતાવો અને ત્યાં કામ કરો તો તે વધુ ફાયદાકારક રહે છે.

**તારી આગામી ફિલ્મ કઈ છે?**

કેવિન સ્પેસી દ્વારા દિગ્દર્શિત અને સર્જેઈ ટોર્ચિલિન તથા લાડો ઓખોટનિકોવ દ્વારા લખાયેલી 'હોલીગાર્ડ્સ સાગા: ધ પોર્ટલ ફોર્સ' એક સુપરનેચરલ એક્શન થ્રિલર ફિલ્મ છે. આ હોલિવૂડ ફિલ્મમાં કેવિન સ્પેસી, બ્રીઆના હિલ્ડેબ્રાન્ડ, ડોલ્ફ લુંડગ્રેન, ટાયરિસ ગિબ્સન અને એરિક રોબર્ટ્સ પણ મહત્વની રોલમાં છે. ફિલ્મનો પ્રીમિયર ફેબ્રુઆરીમાં બર્લિનમાં થઈ ગયો હતો, જોકે તેની વૈશ્વિક રિલીઝ તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. ઉપરાંત, વિશેષ ભટ્ટની ફિલ્મ 'આવારાપન 2' પણ આવી રહી છે, જે 2007માં આવેલી 'આવારાપન' ફિલ્મની સિક્વલ છે. તેમાં મારી સાથે ઇમરાન હાશમી મુખ્ય રોલમાં છે. •

# મલ્હાર ઠાકરનું પ્રોડ્યુસર બનવુ સેફ છે?

એક્ટર્સ લાઈફ

ગુજરાતી સિનેમામાં જ્યારે રોમેન્ટિક-કોમેડી ફિલ્મોની ચર્ચા થાય છે ત્યારે મલ્હાર ઠાકરનું નામ સહજ રીતે યાદ આવે છે. પોતાની નેચરલ એક્ટિંગ, કોમિક ટાઈમિંગ અને રિલેટેબલ કેરેક્ટર્સના કારણે તેણે યુવા ઓડિયન્સની સાથે ફેમિલી ઓડિયન્સમાં પણ આગવી ઓળખ ઊભી કરી છે. હવે મલ્હાર આગામી 18 સપ્ટેમ્બરે રિલીઝ થનારી ફિલ્મ 'ચટણી' દ્વારા ફરી એકવાર બિગ સ્ક્રીન પર કમબેક કરવા જઈ રહ્યો છે. માત્ર હીરો તરીકે જ નહીં પરંતુ પ્રોડ્યુસર તરીકે ચટણી ફિલ્મને પ્રોડ્યુસ કરવાનો છે. ફિલ્મ જગતમાં જો સ્ટાર બની જાવ એટલે ઘણી ફિલ્મો મળવા લાગે. અગલ અગલ કેરેક્ટર કરવા માટેની ઓફર આવવા લાગે. એવું જ હવે મલ્હાર સાથે જોઈ શકાય છે. મલ્હાર અત્યારે ગુજરાતી સિનેમાનો મોટો સ્ટાર છે અને તે હવે ફિલ્મ પ્રોડ્યુસ કરવા જઈ રહ્યો છે. શું મલ્હાર પણ બીજા બોલિવૂડ સુપરસ્ટારની જેમ પોતાની ફિલ્મ પોતે જ પ્રોડ્યુસ કરશે? જેમ અક્ષય કુમાર કરે છે! (વિચાર કરવા જેવી વાત છે તે અક્ષયની મોટા ભાગની ફિલ્મોને ફ્લોપનો સામનો કરવો પડે છે.) મલ્હારના લાખો ફેન છે તેની એક્ટિંગને લોકો પસંદ કરે છે. એટલે આવનારી ફિલ્મ ચટણીની વાત કરીએ.

ફિલ્મનું ટાઈટલ જેટલું અલગ છે, એટલો જ અનોખો છે તેનો કન્સેપ્ટ. મલ્હાર ઠાકરનું માનવું છે કે જેમ ગુજરાતી થાળી ચટણી વગર અધૂરી લાગે છે, તેમ રિલેશનશિપ્સમાં પણ થોડું હાસ્ય, થોડી નોકઝોક અને થોડી મસ્તી ન હોય તો પ્રેમ અધૂરો લાગે છે. ફિલ્મનું ટાઈટલ પણ આ જ વિચારને વ્યક્ત કરે છે. તેના કહેવા મુજબ 'ચટણી' કોઈ સામાન્ય લવ સ્ટોરી નથી, પરંતુ દરેક વ્યક્તિ પોતાના જીવનમાં અનુભવે એવા સંબંધોની જર્ની છે. ફિલ્મમાં દરેક ઈમોશનને એવી રીતે રજૂ કરવામાં આવ્યું છે કે ઓડિયન્સને પોતાની જ કહાની બિગ સ્ક્રીન પર જોવા મળ્યાનો અહેસાસ થશે.

આ ફિલ્મમાં મલ્હાર એક એવા યુવાનનું કેરેક્ટર ભજવી રહ્યો છે જે જીવનને ખૂબ સરળતાથી લે છે. પરંતુ પરિસ્થિતિઓ બદલાતાં તેના જીવનમાં અનેક ટ્વિસ્ટ્સ આવે છે અને ત્યાંથી શરૂ થાય છે હાસ્ય અને ઈમોશન્સથી ભરેલી સફર. પોતાના કેરેક્ટર વિશે વાત કરતાં મલ્હાર કહે છે કે આ વખતે ઓડિયન્સને તેની ઓળખીતી કોમિક સ્ટાઈલની સાથે ઈમોશનલ સાઈડ પણ જોવા મળશે. એટલે ફિલ્મ માત્ર હસાવશે જ નહીં, પરંતુ કેટલીક ક્ષણોમાં હૃદયને પણ સ્પર્શી જશે.


ફિલ્મનું બીજું સૌથી મોટું એટ્રેક્શન છે મલ્હાર ઠાકર અને પૂજા જોશીની નવી ઓન-સ્ક્રીન જોડી. ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં લાંબા સમયથી એક જ પ્રકારના પેરિંગ જોવા મળતા હોવાથી ઓડિયન્સ હવે ફ્રેશ કોમ્બિનેશનની રાહ જોઈ રહ્યા હતા. આવી સ્થિતિમાં 'ચટણી'નું કાસ્ટિંગ ખૂબ જ રસપ્રદ લાગે છે. પૂજા જોશી પોતાની સંવેદનશીલ અને પરિપક્વ પરફોર્મન્સ માટે જાણીતી છે, જ્યારે મલ્હારની તાકાત તેની નેચરલ કોમિક ટાઈમિંગ છે. જો ફિલ્મને ફિલ્મ ક્રિટિકના પર્સપેક્ટિવથી જોવામાં આવે તો 'ચટણી' મલ્હાર ઠાકરની કરિયર માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. અત્યાર સુધી તેણે રોમ-કોમ જોનરમાં અનેક સફળ ફિલ્મો આપી છે. જોકે, એક્ટર તરીકે તેની સામે હંમેશાં ટાઈપકાસ્ટિંગનો પડકાર રહ્યો છે. 'ચટણી'માં માત્ર કોમેડી પર ફોકસ મૂકવાને બદલે કેરેક્ટરના આંતરિક સંઘર્ષ અને રિલેશનશિપ્સની કોમ્પ્લેક્સિટીને પણ રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું જણાય છે. જો સ્ક્રીનપ્લે અને ડાયલોગ્સ મજબૂત રહેશે તો આ ફિલ્મ મલ્હારની યાદગાર ફિલ્મોમાં સ્થાન મેળવી શકે છે. આજના OTT યુગમાં પણ જો કોઈ ફિલ્મ આખા પરિવારને થિયેટર સુધી ખેંચી શકે તો તે તેની સૌથી મોટી અચીવમેન્ટ ગણાય. •

**પોતાના કેરેક્ટર વિશે વાત કરતાં મલ્હાર કહે છે કે આ વખતે ઓડિયન્સને તેની ઓળખીતી કોમિક સ્ટાઈલની સાથે ઈમોશનલ સાઈડ પણ જોવા મળશે**



# wamiqa gabbi

## એક ટેકમાં શોટ ઓકે થાય તો કેવું લાગે?



RAPID FIRE

**દિવસની શરૂઆત ચા કે કોફી?**
કોફી... એ જ મારો વેક-અપ કોલ.

**આખા સેટ પર સૌથી વધુ હસે કોણ?**
હું જ!

**કેમેરા સામે વધુ ગમે કે કેમેરા પાછળ?**
બંનેમાં મજા આવે.

**લવ વધારે મહત્વનું કે કરિયર?**
બંને... પણ યોગ્ય સમયે.

**સોશિયલ મીડિયાનું સૌથી મોટું નુકસાન શું લાગે?**
પરફેક્ટ દેખાવવાનું પ્રેશર.

**ઓલ ટાઇમ કમ્ફર્ટ ફૂડ ક્યું છે?**
રાજમા-ચાવલ.

**મેકઅપ વગર બહાર નીકળવામાં વાંધો છે?**
બિલકુલ નહીં.

**એવી કઈ એક વસ્તુ છે જેના વગર ન ચાલે?**
મ્યુઝિક.

**ફિલ્મો જોવાનું વધુ ગમે કે વેબ સિરીઝ?**
વેબ સિરીઝ.

**નવી સ્ક્રિપ્ટ પસંદ કરતી વખતે શું જુવે છે?**
કેરેક્ટર.

**સ્ટારડમ કે સેટિસ્ફેક્શન શું પસંદ?**
સેટિસ્ફેક્શન.

**ડિરેક્ટરની એવી કઈ વાત છે જે યાદ હોય?**
વન મોર ટેક!

**ડ્રીમ રોલ કયો છે?**
સ્ટ્રોંગ નેગેટિવ કેરેક્ટર.

**એવોર્ડ કે ઓડિયન્સનો પ્રેમ શું પસંદ?**
ઓડિયન્સનો પ્રેમ.

**કેમેરાએ તને લાઈફમાં શું શીખવાડ્યું?**
સાચા રહેવું.

**એક ટેકમાં શોટ ઓકે થાય તો કેવું લાગે?**
મેજીક!

**ક્યાં રોલમાં હજી કામ કરવાનું બાકી છે?**
સાયકોલોજિકલ થ્રિલર.

**ડ્રીમ ડિરેક્ટર કોને માને છે?**
સારા કેરેક્ટર લખે.

**એક્ટિંગમાં શું હાર્ડ લાગે?**
કેરેક્ટરને નવું બનાવવું.